## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




જો સાંભળ, સમુદ્રમાં કેડી નથી એનો મતલબ એ નથી કે કોઈએ સફર ખેડી નથી. અને, પુરાવાની કોઈ 'કડી' નથી એનો મતલબ એ નથી કે, ઈશ્વરના ઘરે 'બેડી' નથી...!!!

# કલોલની માધુપુરા બીવીએમ ફેકટરી પાસે જુગાર રમતા પાંચ ઝડપાયા

ગાંધીનગર,તા.૧૫

કલોલ તાલુકાના માધુપુરા બીવીએમ ફેકટરીની દિવાલ પાસે



આવેલી ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ચાર પુરુષ અને એક મહિલા શકુની ઝડપાઈ છે. પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન અને દાવ પરથી મળીને કુલ રૂ,૪૨૧૫૦ નો મુદામાલ કબ્જે કરી ગાંધીનગર એલસીબી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર એલસીબી પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન કલોલ માધુપુરા બીવીએમ ફેકટરીની દિવાલ પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહ્યા છે તેવી બાતમી મળી હતી, જેને પગલે પોલીસે સ્થળ પર રેઈડ પાડીને ચંપાબેનની ચાલી કલોલ ખાતે રહેતા રાકેશ હિરાલાલ દવે, ગજેન્દ્રપાર્ક છાપરા ખાતે રહેતા પ્રકાશ રામાભાઈ કટારીયા, વખારીયાની ચાલી ખાતે રહેતા મુનીરકાન અનવરખાન પઠાણ, તેમજ ચંપાબેનની ચાલી ખાતે રહેતા રણજીત ઠાકોર સહિત સઈજ ગામની મહિલાનો જુગાર રમવામાં સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓની અંગજડતી અને દાવ પરથી રોકડ રકમ સહિત કિં.રૂ.૪૨૧૫૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હોમગાર્ડઝની ભરતી જોગ

હમગાર્ડઝ દળમાં ગાંધીનગર જિલ્લાના તાબા હેઠલ આવેલ વિવિધ યુનિટ કચેરીઓ ખાતે માનદ સેવા આપતા ઈચ્છુક ઉમેદવારો પાસેથી હોમગાર્ડઝ સભ્યોની ભરતી કરવાની હોવાથી વધુ માહિતી માટે જુના સચિવાયલ બ્લોક નં.૯ ભોંયતળીયે જિલ્લા હોમગાર્ડઝની કચેરી ખાતે જિલ્લા કમાન્ડન્ટ વી.આર.પ્રજાપતિનો સંપર્ક કરવો.

# રાયસણ પાસે એકસેસને પાછળથી ટક્કર મારનાર કારચાલક ઝડપાયો

### એક માસ અગાઉ રાયસણ પેટ્રોલ પંપ સામેના માર્ગ પર અકસ્માત સર્જાયો હતો, જેમાં સે-૩ બી ની યુવતિનું મૃત્યુ નિપજયું હતું

ગાંધીનગર, તા.૧૫

એક માસ અગાઉ કોબા-ગાંધીનગર માર્ગ પર રાયસણ પેટ્રોલ પંપ સામેના માર્ગ પર અજાણ્યા વાહન ચાલકે એકસેસને પાછળથી ટક્કર મારી અકસ્માત સર્જયો હતો. આ બનાવમાં એકસેસ પર સવાર સેકટર-૩ બી ની યુવતિનું ગંભીર ઈજાને પગલે મૃત્યું નિપજ્યુ હતું. જયારે યુવકને ગંભીર ઈજા પહોંચી હતી. આ બંન્ને પોતાના લગ્નની તારીખ નક્કી કરવાની વિધી હોવાથી આગલા દિવસે અમદાવાદથી કપડાની ખરીદી કરીને આવી રહ્યા હતા, તે સમયે રાત્રીના આઠ વાગ્યાના અરસામાં અજાણી કારે ટક્કર મારી અકસ્માત સર્જયો હતો. આ બનાવમાં ઈન્ફોસીટી પોલીસે ૧૪૨ જેટલી કારની તપાસ કરી સેકટર-૧૩ ના યુવકની ધરપકડ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩ બી પ્લોટ નં.૨૩૨-૨ ખાતે રહેતી કિષ્ના જીતેન્દ્રકુમાર પંડયાના લગ્ન વડગામ તાલુકાના પડઘરી ગામે નક્કી થયા હતા.ગત તા.૧૩ ઓકટોબરના રોજ લગ્નની તારીખ નક્કી કરવાની વિધી હોવાથી તેના આગલા દિવસે તા.૧૨ ના રોજ યુવતિ પોતાના ભાવી ભરથાર સાથે અમદાવાદ ખરીદી માટે ગઈ હતી. ત્યારે ગાંધીનગર પરત ફરતા રાયસણ પાસે અજાણી કારે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો, જેમા કિષ્નાનું મૃત્યું નિપજયું હતું. આ બનાવમાં રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ આરોપીને પકડી પાડવા માટે તાકિદ કરી હતી. જેથી પોલીસે સીસીટીવી સર્વેલન્સ અને ઈન્ફોસીટી પોલીસની ટીમે પણ તપાસ શરુ કરી હતી. જેમાં તપાસ બાદ નામ ખુલતા ઈન્ફોસીટી પીએસઆઈ વી.એન.જાડેજાએ સેકટર-૧૩ ખાતે રહેતા ૨૫ વર્ષિય યુવક કિરણ શંભુભાઈ દેસાઈને પકડી પાડ્યો હતો. તેની



ધરપકડ બાદ કોર્ટમાં રજુ કરાતા તેને જયુડિશિયલ કસ્ટડીમાં મોકલી અપાયો હતો. કાર ચાલક સામે સાપરાધ મનષ્યવધની કલમ લગાડવામાં આવી છે. ઉલ્ખેયનીય છે કે જયાં અકસ્માત સર્જાયો હતો ત્યાં સીસીટીવી કેમેરા નથી. જેથી ખરેખર અકસ્માત કયા વાહનથી થયો છે તે નક્કી ન હતું. પરંતુ પોલીસે બંન્ને તરફના માર્ગ નજીકના સીસીટીવી ફુટેજ મેળવતા તે સમયે નીકળેલા ૧૧૨ વાહનોની શોધખોળ કરી હતી. તમામ વાહનચાલકોને બોલાવી પુછપરછ કરતા અકસ્માત જોનાર એક વાહન ચાલકે નંબર વગરની સફેદ કલરની કારે અકસ્માત કર્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે સીસીટીવી ફુટેજ ચેક કરતા સફેદ કલરની અમેઝ હોન્ડા કાર હોવાનું સામે આવ્યું હતું. પોલીસે તાજેતરમાં અમદાવાદ-ગાંધીનગર ખરીદાયેલી ૧૪૨ કાર આઈડેન્ટીફાય કરી હતી. જેમાંથી વધુ ઉંચા મોડલની ૪૨ કારને અલગ તારવવામાં આવી હતી. જેમાંથી પણ શંકાસ્પદ લાગતા ૧૨ ની પુછપરછ કરતા આરોપીએ ગુનાની કબુલાત કરી હતી.



## ચિલોડા સેવા કેન્દ્ર ખાતે વિશ્વ ડાયાબિટીસ ડે નિમિત્તે ફ્રી નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (જગદંબા ભવન) સેવા કેન્દ્ર ખાતે વિશ્વ ડાયાબિટીસ ડિવસની ઉજવણીના ભાગરૂપે મફત ડાયાબિટીસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સેવાકેન્દ્રના બ્રહ્માકુમારીઝ ભાઈ બહેનોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં કૃષ્ણા હોસ્પીટલ ચિલોડાના નિષ્ણાંત ડૉ. એમ.ડી. ઝાલાએ ડાયાબિટીસ અંગે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આશીર્વાદ ક્લીનીકના ડૉ. પ્રતિકભાઈએ ડાયાબિટિસનું ચેક-અપ કરી યોગ્ય સારવાર અને દવા અંગે જરૂરી સમજ પુરી પાડી હતી. આ કેમ્પમાં સેવા કેન્દ્રના રાજયોગિની તારાદીદીએ જરૂરી કેમ્પ અંગે સેવાઓ પુરી પાડી હતી.

# કુડાસણ ગુડા આવાસની કામગીરી કરતી દિપેશ કન્સ્ટ્રકશન સામે જાહેરનામા ભંગ બદલ ફરીયાદ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના કુડાસણ વિસ્તારમાં આવેલી ગુડાની એમઆઈજી-૨ ની સાઈટ પરથી આરોગ્ય તંત્રને અનેકવાર ડેન્ગ્યુના લારવા મળ્યા છે. જેને પગલે તંત્ર દ્વારા ૯ વખત નોટીસ કન્સ્ટ્રકશન સાઈટને આપવામાં આવી છે. તેમ છતા સામાન્ય ઓઈલ છંટકાવ જેવી કામગીરી પણ કરવામાં આવી નથી. જેને પગલે જિલ્લા આરોગ્ય તંત્રના સુઘડ મેડીકલ ઓફિસરે ગુડાના આવાસની કામગીરી કરતી કંપની દિપેશ કન્સ્ટ્રકશનના સંચાલક મનન શાહ સામે જાહેરનામા ભંગ બદલ ફરીયાદ નોંધાવી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં ડેન્ગ્યુના કેસ નોંધપાત્ર સંખ્યામાં જોવા મળ્યા છે. ત્યારે ડેન્ગ્યુના બ્રિડીંગ બાંધકામ સાઈટ પર વધુ જોવા મળે છે. જેથી પોરાનાશકની કામગીરી કરતા મેલેરીયા તંત્રએ જિલ્લામાં આવેલી કન્સ્ટ્રકશન સાઈટ પર તપાસ કરી હતી અને ડેન્ગ્યુના બ્રિડીંગ અંગે નોટીસ ફટકારી હતી. જો કે કુડાસણ ગુડા આવાસનું સરકારી કામ કરતા દિપેશ કન્સ્ટ્રકશન આરોગ્ય તંત્રની આવી ૯ નોટીસનો અનાદર કર્યો હોય તેમ લાગી રહ્યું હતું. તો બીજીતરફ સાઈટની આસપાસના વિસ્તારમાંથી ડેન્ગ્યુના કેસ ૨૦ કેસ નોંધાયા હતા. જેથી આરોગ્ય વિભાગ દ્વારા કડક હાથે કામગીરી કરતા સુઘડ મેડીકલ ઓફિસર ડો.દિનેશ પટેલે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. ત્યારે ઉલ્લેખનીય છે કે કુડાસણની ગુડાની સાઈટમાં કંમ્પાઉન્ડ, દરેક ટાવરના તમામ માળ, ગ્રાઉન્ડ ફલોર મોટાભાગના સ્થળે પાણી ભરાયા હતા. ત્યારે ૫૦ માંથી ૩૨ ડક ડેન્ગ્યુના બ્રિડીંગ મળી આવ્યા હતા. ત્યારે કોન્ટ્રાકટર દ્વારા ૯ નોટીસ મળી હોવા છતા સામાન્ય કામગીરી પણ ડેન્ગ્યુને અનુલક્ષીને કરી ન હતી. ત્યારે તંત્ર દ્વારા દિપેશ કન્સ્ટ્રકશન કંપની સામે જાહેરનામા ભંગ બદલ ફરીયાદ નોંધવામાં આવી છે. જયારે હવે બાંધકામ સાઈટ પર ત્રણ કે તેથી વધુ વખત મચ્છરોનું બ્રિડીંગ જોવા મળશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## જાહેર હરાજી નિવિદા નંબર-૭ સને ૨૦૧૯-૨૦

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, (રાજ્ય) સબજેલ સામે હિંમતનગર-૩૮૩૦૦૧ ફોન નંબર : (૦૨૭૭૨) ૨૪૧૬૫૧ દ્વારા પ્રાંતિજ મુકામે આવેલ જુની સીવીલ કોર્ટ કમ્પાઉન્ડ, પ્રાંતિજમાં આવેલ જુનુ જ્યુડીશીયલ ઓફીસરશ્રીનું ક્વાર્ટર તેમજ કોર્ટ બિલ્ડીંગ તોડી જમીનદોસ્ત કરી નીકળતો તમામ જુનો ઉપયોગી / બિનઉપયોગી માલસામાન લઈ જઈ જમીન લંપૂર્ણ સાફ કરી સમતલ કરી આપવાનું કામ (નીકળતો કોઈપણ જાતનો ઉપયોગી / બિનઉપયોગી માલસામાન કેમ્પસની બહાર સુચના મુજબ લઈ જવાનો રહેશે. વધુમાં મકાન તોડતી વખતે મકાનની ફરતે કંમ્પાઉન્ડ વૉલ તથા ગેટને કોઈપણ જાતનું નુકસાન કે તોડફોડ થશે તેની સઘળ જવાબદારી ઈજરાદારશ્રીની રહેશે.) જેની અપસેટ કિંમત આશરે ૦.૩૦ લાખની થાય છે. તો રસ ધરાવતા વેપારીઓએ પોતાના લેટરપેડમાં ભાવો ભરી પાન નંબર તથા સેલ્સટેક્ષ રજીસ્ટ્રેશનના પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ જોડી રજી.પો.એ.ડી.થી ઉપરોક્ત સરનામે તા. ૨૬/૧૧/૨૦૧૯ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાના રહેશે. શક્ય હશે તો ભાવો બીજા દિવસે બપોરે ૧૨.૦૦ કલાકે અત્રેની કચેરીએ ખોલવામાં આવશે. ભાવો સાથે ઉક્ત કામ માટે બાનાની રકમ પેટે રૂ. ૩,૦૦૦/- તથા લેટરપેડ ઉપર આ કામની કિંમત પેટે જે ભાવો ભરેલ હોય તેની ૨૫% રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, હિંમતનગરના નામનો બિડવાનો રહેશે તે સિવાય આવેલ ભાવો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જે ઈસમના ભાવો મંજુર થશે તેઓ પાસેથી દિન-૧૫માં બાકીની ૭૫% રકમ તેમજ મંજુર થયેલ રકમ પર વેચાણવેરો નિયમોનુસાર ભરવાનો રહેશે. જે ભરપાઈ કર્યા અંગેનો અસલ પુરાવો રજૂ કરવાનો રહેશે. ત્યારબાદ જ જરૂરી શરતો સાથે આ કામનું એગ્રીમેન્ટ કરવામાં આવશે. જે શરતો અત્રેના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. જેને વાંચીને ભાવો ભરવાના રહેશે. આ કામ અંગે અન્ય કચેરીનો જે કોઈ ટેક્ષ ભરવાનો થાય તે ટેક્ષ ઈજરાદારશ્રીના શીરે રહેશે. આ જાહેર હરાજીની વિગતવાર નોટીસ તથા શરતો અત્રેની કચેરીના નોટીસબોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. તેમજ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com ઉપરથી પણ જોઈ શકાશે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

નામાનિ/હિંમત/૨૯૯/૧૯

